# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ટેકનીકલ)

એલ.ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ડિપ્લોમાથી ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેનો કાર્યક્રમ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ ની ડિપ્લોમા થી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૨૫-૦૮-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરી સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે નોન રીપોર્ટીંગ, એનરોલમેન્ટ રદ થવાના કારણે તથા રાઉન્ડ-૧ અપગ્રેડેશન બાદ ખાલી રહેલી તમામ સ્વનિર્ભર બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. આવી ખાલી રહેલ બેઠકો માટે પ્રવેશ લેવા માંગતા ઉમેદવારોએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી જગ્યાઓ ઉપર નીચે મુજબના અગ્રતાક્રમ પ્રમાણે ઉમેદવારની પસંદગી કરી સંસ્થાઓએ સંસ્થા સ્તરે કાર્યરીતીને ચુસ્ત રીતે અનુસરીને ભરવાની રહેશે.

(૧) અત્રેની સમિતિનો પ્રવેશ વર્ષ-૨૦૧૭ નો ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરીનો તબક્કા-૧ નો મેરીટ ક્રમાંક ધરાવતા અને પ્રવેશથી વંચિત ઉમેદવારો. (૨) જુલાઈ-૨૦૧૭ બાદ માન્ય યુનિવર્સિટી દ્વારા પરીણામો મોડા જાહેર થવાના કારણે પ્રવેશ લાયકાત ધરાવતા ઉમેદવારો (૩) પ્રવેશપાત્રતા ધરાવતા કે જેઓએ લાયકી પરીક્ષા જુલાઈ-૨૦૧૬ પહેલા ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૪) ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાંથી B. Sc ની ડિગ્રી ધરાવતા અને જેઓએ ધો. ૧૨ (વિ.પ્ર.) ની પરીક્ષા ગણિત વિષય સાથે ઉત્તીર્ણ કરેલ હોય તેવા ઉમેદવારો (૫) અન્ય રાજ્યમાંથી માન્ય સંસ્થાઓમાંથી લાયકી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ પ્રવેશપાત્રતા ધરાવતા ઉમેદવારો. આવા ઉમેદવારોએ (૧) અત્રેની પ્રવેશ સમિતિની વેબસાઈટ તથા જે-તે સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ જુજ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) સ્વનિર્ભર સંસ્થાઓની ફી ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.

ઉપરોક્ત ક્રમાંક (૧) મુજબના વિદ્યાર્થીઓએ www.gujacpcadm.nic.in પોતાના એકાઉન્ટમાં જઈ Login થઈ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ આઉટ આપવાની રહેશે. આ વિદ્યાર્થીઓએ PIN ખરીદવાનો રહેશે નહી. ઉપરોક્ત (૨), (૩), (૪) અને (૫) ક્રમાંક મુજબના વિદ્યાર્થીઓએ કોટક મહિન્દ્રા બેંકની નીચે દર્શાવેલ નિર્ધારીત શાખામાં જઈ રોકડા રૂા. ૩૫૦/- (નોન રીફંડેબલ) ચૂકવી PIN ખરીદવાની રહેશે. PIN ખરીદ્યા બાદ www.gujacpcadm.nic.in ઉપર જઈ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ફોર્મની પ્રિન્ટ લઈ જરૂરી ડોક્યુમેન્ટ જોડી જે તે સંસ્થા ખાતે નિયત સમયમર્યાદામાં પ્રવેશ મેળવવા માગતા હોય તે સંસ્થા ખાતે જમા કરાવવાનું રહેશે. ઉપરોક્ત ક્રમાંક (૧) થી (૫) માં દર્શાવેલ દરેક ઉમેદવારે રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ આઉટ લેવી ફરજીયાત છે. કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત બેંકની શાખા નીચે મુજબ છે.

Size : 3 Col. x 27 cm

Print Date : .....-08-2017

## કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખાઓ

(૧) સ્વામીનારાયણ મંદિર રોડ, મણીનગર, **અમદાવાદ**-૩૮૦૦૦૮, (૨) કલ્પના કોમ્પ્લેક્ષ, મેમનગર ફાયર સ્ટેશન પાસે, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦ ૦૦૯, (૩) ગ્રાઉન્ડ ફ્લોર, સ્ટર્લિંગ સેન્ટર, તખતેશ્વર પ્લોટ, વાઘવાડી રોડ, **ભાવનગર**-૩૬૪૦૦૧, (૪) જ્યુબીલી કોલોની, બ્લોક-૨, **ભુજ**-૩૭૦૦૦૧, (૫) રાજેન્દ્ર એસ્ટેટ, ગાયત્રી મંદિર સામે, સ્ટેટ હાઈવે, **મહેસાણા**-૩૮૪ ૦૦૨, (૬) શ્યામ બિલ્ડીંગ, ૮૦ ફુટ રોડ, નાગરીક બેંક ચોક, ભક્તિ નગર, **રાજકોટ**-૩૬૦૦૦૨, (૭) નેપ્ચ્યુન ટાવર, કાલાવાડ રોડ, **રાજકોટ**-૩૬૦૦૦૧, (૮) ૧૨૨-શ્રીજી, કાસે નગર રોડ, કતારગામ, **સુરત**-૩૯૫ ૦૦૪, (૯) રાજહંસ હાઉસ, વરાછા રોડ, **સુરત**-૩૯૫ ૦૦૬, (૧૦) એરીયમ કોમ્પ્લેક્ષ, શ્રોફ નગર, ગોત્રી રોડ, **વડોદરા**-૩૯૦૦૨૧ (૧૧) ૨૧, વિકેન્ઝા હાઉસ, ફ્રેન્ડસ કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી, અલકાપુરી, **વડોદરા**-૩૯૦૦૦૭.

| નંબર | વિગત | તારીખ |
|---|---|---|
| ૦૧ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર પ્રસિદ્ધિ. | ૨૮-૦૮-૨૦૧૭ |
| ૦૨ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકો માટે પીનની વહેચણી નિર્ધારીત કરેલી કોટક મહિન્દ્રા બેંકની શાખામાંથી (બેંકના સમયગાળા દરમ્યાન) | ૨૯-૦૮-૨૦૧૭ થી ૦૩-૦૯-૨૦૧૭ |
| ૦૩ | સ્વનિર્ભર સંસ્થાઓની ખાલી રહેલી બેઠકોના રજીસ્ટ્રેશન કરાવવાની કાર્યવાહી તેમજ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જે તે સંસ્થા ખાતે જમાં કરાવવાની કાર્યવાહી | ૨૯-૦૮-૨૦૧૭ થી ૦૪-૦૯-૨૦૧૭ |
| ૦૪ | ખાલી રહેલી બેઠકો માટે સંસ્થા સ્તરે મેરીટ બનાવી સંસ્થાના નોટીસ બોર્ડ કે, વેબાસાઈટ ઉપર પ્રસિધ્ધિ કરી ખાલી રહેલી બેઠકો માટે સંસ્થા સ્તરે બેઠકોની ફાળવણી ની અંતિમ તારીખ. | ૦૮-૦૯-૨૦૧૭ |

પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના રહેશ નહીં, જેની નોંધ લેવી. ઉપરોક્ત વિદ્યાર્થીઓએ હેલ્પ સેન્ટર ખાતે રીપોર્ટીંગ કરાવવાનું રહેતું નથી. જે તે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. ખાલી રહેલી બેઠકો ઉપર **જે વિદ્યાર્થી નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન ડિટેઈલની કોપી આપેલ હશે નહીં તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહીં.** અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે. **જે ઉમેદવાર એક કરતા વધારે સંસ્થામાં ફોર્મ જમા કરાવવા માગતો હોય તેમણે રજીસ્ટ્રેશન ફોર્મની ફોટો કોપી કરાવી ઉપયોગ કરવાનો રહેશે. દરેક સંસ્થા માટે અલગ અલગ PIN ખરીદવાનો રહેશે નહી.**

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ની Diploma to Degree લીંકમાં જઈ વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૨૨-૦૮-૨૦૧૭** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**